# <u>રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર</u>

## "શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક)"

રાજ્ય પરીક્ષા બોર્ડના તા:૧૧/૦૬/૨૦૧૮ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT (S)/૨૦૧૮/૨૯૧૫-૨૯૬૦ થી શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) ની પરીક્ષાનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા "શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) (TAT-SEC) "ની જાહેરાતના સંદર્ભમાં તા:૧૨/૦૬/૨૦૧૮ (બપોર ૧૪.૦૦ કલાક) થી તા:૧૮/૦૬/૨૦૧૮ (રાત્રે ૨૩.૫૯ કલાક) દરમિયાન http://ojas.gujarat.gov.in પર ઓનલાઈન અરજીપત્રક સ્વીકારવામાં આવેલ હતા તથા તા:૧૨/૦૬/૨૦૧૮ થી તા:૧૯/૦૬/૨૦૧૮ દરમિયાન ગુજરાત રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ પોસ્ટ ઑફીસોમાં પરીક્ષાની ફી સ્વીકારવાની વ્યવસ્થા કરવામાં આવેલ.

પરીક્ષા ફી ભરવાની બાકી હોય તેવા ઉમેદવારો પરીક્ષાથી વંચિત ના રહે તે હેતુથી પરીક્ષા ફી ભરવાની તારીખમાં વધારો કરવામાં આવેલ છે. આથી જે ઉમેદવારોના આવેદનપત્રો સમયમર્યાદામાં ભરાયેલ હોય પરંતુ પરીક્ષા ફી ભરવાની બાકી હોય તેવા ઉમેદવારો **<u>તા:૨૦/૦૬/૨૦૧૮ થી તા:૨૨/૦૬/૨૦૧૮</u>** દરમિયાન ગુજરાત રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ પોસ્ટ ઑફીસોમાં પરીક્ષા ફી ભરી શકશે.

તા:૨૦/૦૬/૨૦૧૮ થી તા:૨૨/૦૬/૨૦૧૮ દરમિયાન પણ પરીક્ષા ફી ના ભરી શકે તેવા ઉમેદવારો તા:૨૫/૦૬/૨૦૧૮ (સોમવાર) અને તા:૨૬/૦૬/૨૦૧૮ (મંગળવાર) ના રોજ કચેરી સમય દરમિયાન રૂ! ૨૦૦/- લેટ ફી સહિત નિયત ફી રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે રૂબરૂ ભરી શકશે.

સ્થળ:ગાંધીનગર

તારીખ:૨૦/૦૬/૨૦૧૮

સચિવ

રાજય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર